# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-06-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, યોગ આપણને શાંતિની દિશા આપે છે
2. વડનગરમાં રાજ્યકક્ષાના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી - 2 હજાર 121 યોગ સાધકોએ ભુજંગાસન કરીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો
3. વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણી માટે માલીડા અને નવા વાઘણિયા મતદાન મથક પર પુન:મતદાન સંપન્ન - ગ્રામ પંચાયતની ચૂંટણી માટે આવતીકાલે મતદાન
4. અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના 247 DNA નમૂના મેચ થયા
5. રાજ્યના 90 જિલ્લામાં આજે વરસાદ વરસ્યો, આગામી 6 દિવસ ભારે વરસાદની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM YOGA DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, જ્યારે વિશ્વના વિવિધ ભાગોમાં તણાવ, અશાંતિ અને અસ્થિરતા છે, ત્યારે યોગ શાંતિનો માર્ગ બતાવે છે. આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કરતા પ્રધાનમંત્રીએ વિશ્વ સમુદાયને યોગ દિવસને ઉજવવા માટે ખાસ આહ્વાન કર્યું. તેમણે કહ્યું કે યોગ હવે વ્યક્તિગત અભ્યાસ નથી પરંતુ વૈશ્વિક ભાગીદારીના માધ્યમ તરીકે ઉભરી આવ્યો છે.

(BYTE – PM )

પ્રધાનમંત્રીએ કહ્યું કે આ વર્ષના યોગ દિવસની થીમ - એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ - આપણને યાદ અપાવે છે કે વર્તમાન અને ભાવિ પેઢીઓ માટે સુખી ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે સમગ્ર વિશ્વ કેવી રીતે એક થયું છે. વિશાખાપટ્ટનમમાં મુખ્ય યોગ દિવસ કાર્યક્રમમાં બે લાખ ૭૨ હજાર લોકોએ ભાગ લીધો હતો.

--------------

# CM YOGA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વડનગરના શર્મિષ્ઠા તળાવ ખાતે 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે યોગની પ્રાચીન પરંપરા જનઆંદોલન બનીને વિકસિત ભારત માટે વિકસિત સ્વસ્થ, સમૃદ્ધ અને તંદુરસ્ત ગુજરાતનું નિર્માણ કરશે. તેમણે ઉમેર્યું કે યોગ માત્ર વ્યાયામ નથી પરંતુ જીવન જીવવાની કળા

છે. યોગ એવું વિજ્ઞાન છે જે આપણને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્તરે એકાગ્રતાથી જોડે છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આજે વિશ્વ યોગ દિવસે રાજ્યમાં નવો કિર્તીમાન પ્રસ્થાપિત થયો હતો. શર્મિષ્ઠા તળાવ ખાતે બે હજાર 121 યોગ સાધકોએ એક સાથે ભુજંગાસન કરીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન મેળવ્યું છે.

આ યોગ દિવસની ઉજવણીમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, મહેસાણા જિલ્લાના ધારાસભ્યો, ગુજરાત યોગ બોર્ડના અધ્યક્ષ શિશપાલ રાજપુત તેમજ યોગ સાધકો સાથે સામૂહિક યોગમાં જોડાયા હતા. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશાખાપટ્ટનમ ખાતેથી દેશવાસીઓને આપેલા સંદેશનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યું હતું. એક પૃથ્વી, એક આરોગ્ય માટે યોગ" અને " મેદસ્વિતા મુક્ત સ્વસ્થ ગુજરાત"નો ધ્યેય સાકાર કરવા રાજ્યભરમાં અંદાજે કુલ દોઢ કરોડ લોકો સામૂહિક યોગાભ્યાસમાં જોડાયા હતા.

. . . . . . . . . . .

# STATE YOGA DAY

રાજ્યભરમાં આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ અમદાવાદના પ્રહલાદનગર ખાતે યોગ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. જ્યારે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટિલે વડોદરા ખાતે યોગ શિબિરમાં ભાગ લીધો હતો.

મહિસાગર જિલ્લામાં આદિજાતિ વિકાસ મંત્રી ડો. કુબેર ડિંડોરની પ્રેરક ઉપસ્થતિમાં લુણાવાડા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોગ દિવસ યોજવામાં આવ્યો હતો. ઉપરાંત જિલ્લાના વિવિધ આઇકોનિક સ્થળો માનગઢ હીલ, ડાયનાસોર પાર્ક ખાતે પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ભાવનગર ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષ સ્થાને યોગ દિવસની ઉજવણી કરાઈ હતી.

કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે આજે પાટણ જિલ્લામાં સિદ્ધપુર માર્કેટયાર્ડ ખાતે યોગ દિવસ અંતર્ગત 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ ૫ હજાર ૧૦૦ વૃક્ષોના રોપાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મનરેગા યોજના હેઠળ નિર્મિત પાટણ જીલ્લાના કુલ ૩૪ અમૃત સરોવર ખાતે ૧ હજાર ૨૦૦ જેટલા લોકોની ઉપસ્થિતિમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

સુરતના સરસાણા સંમેલન કેન્દ્ર ખાતે જિલ્લા કક્ષાના યોગ દિનની ઉજવણી વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી.

ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર ગાંધીનગર-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ ની અંદર નાગરિક સંરક્ષણ સંગઠનના સભ્યો,ભારત સ્કાઉટ્સ અને ગાઇડ્સના બાળકો અને રેલવે કર્મચારીઓએ યોગાભ્યાસ કર્યો હતો.

સોમનાથ મંદિરના સાનિધ્યમાં ૩ હજારથી વધુ યોગાભ્યાસુઓએ યોગાભ્યાસ કરીને યોગ દિવસની ઉજવણી કરી હતી.

નવસારી જિલ્લામાં 1962 અને એમ્બ્યુલન્સ ટીમના તમામ વેટનરી ડૉક્ટર, પાયલોટ્સ અને સ્ટાફે પોતાના-પોતાના વિભાગના સ્થાને

યોગાભ્યાસ કર્યો અને  તંદુરસ્ત દૈનિક જીવનશૈલી અપનાવા માટે પ્રતિજ્ઞા લેવાઈ હતી.

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી સ્વામિનારાયણ મંદિર સભા હોલ ખાતે  જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

તો સાબરકાંઠામાં  હિંમતનગરના ભોલેશ્વર સાબર સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે ક્રિએટિવ યોગ અંતર્ગત યોગ સાધકો દ્વારા પાણીમાં યોગ નિદર્શન યોજાયું હતું.

મહેસાણામાં વડનગરના આર્કિયોલોજી મ્યુઝિયમ ખાતે આદર્શ નિવાસી શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ દ્વારા  યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ધોળાવીરા ખાતે  મોટી સંખ્યામાં યોગસાધકોએ યોગાસન કર્યા હતા.

તો ભુજની પાલારા ખાસ જેલ ખાતે  પુરુષ તથા મહિલા કેદીઓએ યોગાસન કરીને યોગ દિવસની ઉજવણીમાં સહભાગી થયા હતા.

ભરૂચમાં  રમત ગમત સંકુલ  જીએનએફસી ખાતે  જિલ્લા કક્ષાનો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો હતો.

આણંદમાં  પ્રમુખ સ્વામી બેન્કવેટ હોલ સાંગોડપુરા ખાતે નાયબ મુખ્યદંડક રમણભાઈ સોલંકીના અધ્યક્ષપદે  જિલ્લા કક્ષાના  યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

. . . . . . . . . . .

# VISAVADAR RE-POLL

વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણીમાં આજે માલીડા અને નવા વાઘણિયા મતદાન મથક પર શાંતિપૂર્ણ માહોલમાં પુનઃમતદાન સંપન્ન થયું. સાંજે 5 વાગ્યા સુધીમાં 79.26 ટકા મતદાન નોંધાયું છે. ઉલ્લેખનીય છે કે 19 તારીખે યોજાયેલી વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં બે મતદાન મથક પરનું મતદાન રદ કરવામાં આવ્યું હતું.

વિસાવદર અને કડી વિધાનસભા બેઠક પર 23 જૂને મતગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . .

# GRAM PANCHAYAT ELECTION

રાજ્યમાં 7 હજારથી વધુ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે આવતીકાલે સવારે 7 થી સાંજે 6 વાગ્યા દરમિયાન મતદાન થશે. રાજ્યની 3 હજાર 541 ગ્રામ પંચાયતોમાં સામાન્ય જ્યારે 353 ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી માટે મતદાન થશે. રાજ્યભરમાં 3 હજાર 656 સરપંચોની તથા 16 હજાર 224 સભ્યોની બેઠક માટે સામાન્ય ચૂંટણી થશે. 25 જૂને મતગણતરી હાથ ધરાશે.

બનાસકાંઠા જિલ્લાની 614 ગ્રામ પંચાયતમાંથી 385 ગ્રામ પંચાયતમાં સામાન્ય વિભાજન અને મધ્ય સત્ર ચૂંટણી યોજાશે જ્યારે 229 ગ્રામ પંચાયતમાં પેટા ચૂંટણી યોજાશે, જેમાં સરપંચ પદ માટે 933 ઉમેદવારો મેદાનમાં છે.

. . . . . . . . . . .

# AHMEDABAD DNA MATCH

અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના અત્યાર સુધી 247 DNA નમૂના મેચ થયા છે. સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી 232 પાર્થિવદેહ તેમના સ્વજનોને સોંપાયા છે. 23 લોકોને હવાઈ મુસાફરી દ્વારા અને 209 લોકોને માર્ગ પરિવહન દ્વારા તેમના વતને પહોંચાડવામાં આવ્યા છે.

(બાઇટ: ડૉ. રાકેશ જોશી, સુપ્રિટેન્ડેન્ટ)

જેમના પાર્થિવ દેહ સ્વજનોને સોંપવામાં આવ્યા છે તેમાં 175 ભારતીય, 52 બ્રિટિશ, 7 પોર્ટુગીઝ, એક કેનેડીયન અને 12 બિન મુસાફરોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . .

# SHIVRAJSINH GANDHINAGAR

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે આજે ગાંધીનગર ખાતે પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. તેમણે અંજલિબેન રૂપાણી અને ઋષભ રૂપાણી સહિતના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. શ્રી ચૌહાણે જણાવ્યું કે સ્વ.વિજય રૂપાણીએ પોતાનું સમગ્ર જીવન દેશની સેવામાં સમર્પિત કર્યું...

. . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યના 90 જિલ્લામાં આજે વરસાદ વરસ્યો છે. જેમાં અરવલ્લી જિલ્લાના મેઘરજમાં સાડા ત્રણ ઇંચ વરસાદ નોંધાયો છે. મોડાસામાં પણ 3 ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના 9 તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.

રાજ્યના જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો રાજ્યના 14 જળાશય હાઇએલર્ટ પર છે, જ્યારે 11 એલર્ટ પર અને 9 વોર્નિંગ પર છે. વરસાદને લઈને અત્યાર સુધી 229 લોકોનું રેસ્ક્યૂ કરાયું છે. જેમાં ભાવનગરમાં સૌથી વધુ 128 લોકોનું રેસ્ક્યૂ કરાયું જ્યારે અમરેલીમાં 69, બોટાદમાં 24, ગાંધીનગરમાં 7 અને દાહોદમાં એક વ્યક્તિનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 6 દિવસ ભારે વરસાદની આગાહી છે. આવતીકાલે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, નવસારી, વલસાડ, કચ્છમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. જ્યારે પાટણ, ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, ખેડા, આણંદ, સુરેન્દ્રનગર, રાજકોટમાં ભારે વરસાદની આગાહી છે.